અપીલ અરજી નં.૪૪૯ તા.૨૩–૩–૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ,કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં **M.D.DPH** ડીગ્રી ધરાવતા ડોકટરોના નામ, શૈક્ષણિક લાયકાત અને જાતિ અંગેના પ્રમાણપત્રોની માહિતીની નકલ મુદ્દા નં.(૨) ડે.કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની સર્વીસબુક અનુસાર શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો સહીતની માહિતીની નકલ મુદ્દા નં.(૩) ડે.કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની નોકરી મેળવવા અંગેની અરજીપત્રકની માહિતીની નકલ સર્વે નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૯/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૨–૧૦ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહનગરપાલિકામાં **M.D.DPH** ડીગ્રી ધરાવતા ડોકટરોના નામ, શૈક્ષણિક લાયકાત અને જાતિ અંગેના પ્રમાણપત્રોની માહિતીની નકલ મુદ્દા નં.(૨) ડે.કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની સર્વીસબુક અનુસાર શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો સહીતની માહિતીની નકલ મુદ્દા નં.(૩) ડે.કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની નોકરી મેળવવા અંગેની અરજીપત્રકની માહિતીની નકલ સર્વે નકલોની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૪ તા.૧૯–૩–૧૦ થી આપેલ માહિતીની નકલ અયોગ્ય, અપુર્ણ અને અસ્પષ્ટ તથા નોર્થઝોનની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧૮ તા.૩૧–૩–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ,કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૬ તા.૮–૪–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૧૧ તા.૧૮–૨–૧૦ થી પર્સોનલ ઓફિસર (આર) ને તબદીલ કર્યાના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર (આર) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૮ તા.૨૦–૨–૧૦ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતે તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, તા.૧૬–૨–૧૦ ના રોજ કરેલી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૧ તા.૧૧–૩–૧૦ થી માહિતી અને દસ્તાવેજ ફી ના રૂા.૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૪ તા.૧૯–૩–૧૦ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, પ્રદિપસિંહ ઝાલાની બી.એ. ની તથા એલ.એલ.બી. ની માર્કશીટની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૩૧ તા.૯–૪–૧૦ થી નોંધ વિભાગ, તબદીલ પત્રો, અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૮૬૪ તા.૨૫–૩–૧૦ ના પત્રની નકલ તથા તે સ્વીકાર્યાના ટપાલબુકની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર (આર) સુરત મહાનગરપાલિકાને મુદ્દા નં.૧ થી ૩ બાબતે સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૧૧ તા.૧૮–૨–૧૦ થી પર્સોનલ ઓફિસર (આર) ને મોકલવામાં આવેલ. જે પર્સોનલ ઓફિસર (આર) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૮ તા.૨૦–૨–૧૦ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તથા મુદ્દા નં.૧ બાબતે ઝોનલ ઓફિસર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૧ તા.૧૧–૩–૧૦ થી અરજદારને માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૪/– જમા કરાવી માહિતી અને દસ્તાવેજની નકલો આપવા અંગે જણાવવામાં આવેલ. જે અરજદારે રસીદ નં.૩૦૮૫૬૪ તા.૧૬–૩–૧૦ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૪ તા.૧૯–૩–૧૦ થી મુદૃ નં.૧ અંગે સુરત મહાનગરપાલિકામાં કોઈ ડોકટર એમ. ડી., અને ડી.પી.એચ.ની ડીગ્રી ધરાવતા નથી. તથા મુદ્દા નં.૨ અંગે ડે.કમિશ્નર(સ્પે) પ્રદિપસિંહ ઝાલાની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલ આપેલ જણાવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે માહિતીની નકલ અયોગ્ય અપૂર્ણ અને અસ્પષ્ટ હોવાનું જણાવી તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેની સાથે બીડેલ અરજીમાં કતારગામઝોન તરફથી માહિતીની નકલ આવેલ નથી. તથા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી સર્વીસબુકમાં નોંધ અનુસાર શૈક્ષણિક લાયકાત મુજબ માહિતીની નકલ આપવામાં આવેલ નથી. તેમજ ડે.કમિશ્નરશ્રી ઝાલાની અરજી પત્રકની માહિતી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જયારે બાકીના ૬ ઝોનની માહિતી મળ્યાનું જણાવેલ છે. જેથી તે અંગે કોઈ તકરાર નથી. પરંતુ અરજદાર સર્વિસબુક મુજબના પ્રમાણપત્રો નથી તે અંગે કોઈ આધાર રજૂ કરી શકેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૮૬૪ તા.૨૫–૩–૧૦ થી મુદ્દા નં.૧ અંગે નોર્થઝોનની માહિતી નીલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી  અરજદારના દાવાનુસાર  ડે.કમિશ્નર શ્રી ઝાલાની સર્વિસબુકની નોંધ અનુસાર  શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો  બાબતે સેવાપોથીમાંની  શૈક્ષણિક લાયકાતના પાનાની નકલ  તથા અરજદારને પૂરી પાડવામાં આવેલ  શ્રી ઝાલાના શૈક્ષણિક લાયકાત પ્રમાણપત્રો પૈકી  કોઈ બાકી હોય તો તેની નકલ  તથા  શ્રી ઝાલાની ડે.કમિશ્નર(સ્પે) ની નોકરી મેળવવાની અરજી પત્રકની  માહિતીની નકલ દફતરી ઉપલબ્ધ હકીકત અનુસાર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અત્રેની જાણ હેઠળ  દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પઅનેઈ) ને જણાવવામાં આવે છે. જો આ પૈકીની  કોઈ નકલ  દફતરી ઉપલબ્ધ ન હોય તો  રેકર્ડ વર્ગીકરણના નિયમ અનુસાર દફતર સબંધી હકીકત અરજદારને જણાવવા જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)   અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ,કતારગામઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર